જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૪/૨૦૨૧ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૭૪૧/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૫/૦૪/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૪૧૫	૦	૧૧૪૧૫	૧૭૫૩૫	૦	૧૭૫૩૫
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૭	૦	૭૭	૨૮૭	૦	૨૮૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૩૮૬૪૦	૩૫૬	૩૮૯૬	૩૯૭૯૨	૩૩૮	૪૦૧૩૦
કુલ		૫૪૮૪૦	૩૫૬	૫૫૧૯૬	૬૩૮૫૭	૩૩૮	૬૪૧૯૫

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૦૪	૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૨૭૮	૨૨,૭૮,૦૦૦/-

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૪૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૦૯ કેસ કરી, ૦૯ વ્યક્તિઓને ઝડપી, ૧૨૨ લીટર દેશી દારૂ, ૦૧ ક્વોટર ઇંગ્લીશ દારૂ, ૦૧ બીયરટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૧૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૪૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વાહન ચોરી :- **સમાચાર યાદી નં.૭૪૪/૨૦૨૧**

નરોડા : સતિષભાઈ ધનાભાઈ ભરવાડ (રહે.નવી વસાહત જશોદાનગર ખોડીયાર મંદિરની સામે, વટવા જી.આઈ.ડી.સી) એ તા.૨૪/૦૪/૨૦૨૧ ના કલાક ૧૦/૩૦ થી તા.૨૫/૦૪/૨૦૨૧ બપોરના ૧/૩૦ વાગ્યા દરમ્યાન નરોડા જી.આઈ.ડી.સી ફેઝ-૪ "એલ.એમ.વી." નામની કંપનીના ગેટ પાસે પોતાની અશોક લેલન ગાડી નંબર જીજે.૦૧.બી.વી.૧૩૭૧ કિંમત રૂપિયા ૮,૦૦,૦૦૦/- પાર્ક કરી મુકી હતી. જેની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની ફરીયાદ સતિષભાઇ ભરવાડ એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.ઠાકોર ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુ :- **સમાચાર યાદી નં.૭૪૫/૨૦૨૧**

"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન : પરેશભાઇ ડાહ્યાભાઇ પટેલ (ઉ,વ.૫૧)(રહે.સુનીલ સોસાયટી, નિર્માણ સોસાયટીની બાજુમાં, ભાડુઆતનગર, મણીનગર) તા.૨૫/૦૪/૨૦૨૧ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે એસ.પી.રીંગ રોડ થી વિનોબાભાવે નગર તરફ, ગેટકો વિઝોલ ૬૬ કેવી સબ સ્ટેશન ના કોર્ટ પાસે રોડ ઉપરથી પોતાનું પ્લેઝર મોપેડ ચલાવી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન કોઇ અજાણ્યા વાહન ચાલકે (જેના નામ-સરનામા કે વાહન નંબરની ખબર નથી તે) પોતાના કબજાનું વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવી, પરેશભાઇની મોપેડને ટક્કર મારતા, પરેશભાઇને શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે લાવતા બપોરના ૩/૨૦ વાગે ફરજ પરના ડો.શ્રી એ પરેશભાઇને મૃત જાહેર કર્યા હતા. આ ગુનાની ફરીયાદ પરેશભાઇના નાના ભાઇ દેવાંગભાઇ પટેલે "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વાય.એસ.સિસોદીયા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૭૪૬/૨૦૨૧**

મેઘાણીનગર : જ્યોતીબહેન વા/ઓ રવિકુમાર પટણી (ઉ.વ.૨૩)(રહે.છગુરત્નાના છાપરા ઓમનગર, ચમનપુરા) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૪/૨૦૨૧ બપોરના ૪/૧૫ વાગે પોતાના ઘરે પોતાની જાતે એસીડ પી લેતા સારવાર અર્થે તેમને શાહીબાગ ચન્દ્રમણી હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૫/૦૪/૨૦૨૧ બપોરના ૧૨/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એન.ચાવડા ચલાવે છે.

રામોલ : જયલક્ષ્મી વા/ઓ એન.એસ.પી. સ્વામી (ઉ.વ.૭૫)(રહે.મારૂતી હાઇટસ, શારદાબા સ્કુલની પાસે, આર.ટી.ઓ. રોડ, વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૪/૨૧ બપોરના ૧૨/૦૦ થી સાંજના ૬/૦૦ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે પોતાની દિકરીના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી બળદેવસિંહ બાલુસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી